


ओ३म्

कृण्वन्तो विश्वमार्यम्

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

*ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર*

**RNI Registration No. Guj/Guj/2015/63289**

**Vol.3 Issue 10 January 2020 Ahmedabad,(Gujarat)**

**Page : 32, Rs,100 Annul**





स्वामी श्रद्धानन्द (मुंशीराम विज) का जन्म २ फरवरी सन् १८५६(फाल्गुन कृष्ण त्र्योदशी, विक्रम संवत १९१३ ) को पंजाब प्रान्त के जालन्धर जिले के तलवान ग्राम में एक खत्री परिवार में हुआ था। उनके पिता श्री नानकचन्द विज, ईस्ट इण्डिया कम्पनी द्वारा शासित यूनाइटेड प्रोविन्स (वर्तमान उत्तर प्रदेश) में पुलिस अधिकारी थे । उनके बचपन का नाम वृहस्पति विज और मुंशीराम विज था, किन्तु मुंशीराम सरल होने के कारण अधिक प्रचलित हुआ । पिता का स्थानान्तरण अलग-अलग स्थानों पर होने के कारण उनकी आरम्भिक शिक्षा अच्छी प्रकार नहीं हो सकी लाहौर और जालंधर उनके मुख्य कार्यस्थल रहे । एक बार आर्य समाज के संस्थापक स्वामी दयानन्द सरस्वती वैदिक धर्म के प्रचारार्थ बरेली पहुंचे । पुलिस अधिकारी नानकचन्द विज अपने पुत्र मुंशीराम विज को लेकर स्वामी दयानन्द सरस्वती जी का प्रवच सुनने पहुंचे । युवावस्था तक मंशुराम विज ईश्वर के अस्तित्व में विश्वास नहीं करते थे । लेकिन स्वामी दयानन्द जी के तर्कों और आशीर्वाद ने मुंशीराम विज को दृढ ईश्वर विश्वासी तथा वैदिक धर्म का अनन्य भक्त बना दिया । वे एक सफल वकील बने तथा काफी नाम और प्रसिद्धि प्राप्त की । आर्यसमाज में वे बहुत ही सक्रिय रहते थे ।

# આર્ય વૈદિક દર્શન

આર્ય વૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ ૩૮૦૦૨૨.

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી કવાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોધઃ ૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.
૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.
બેંક ખાતાનું નામઃ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઈન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ – તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા.

Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में सर्वदा उद्यत रहना चाहिए।

"આર્ય દર્શન"

RNI NO. Guj/Guj/2015/63289

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૨૦
વિક્રમ સંવત: ૨૦૭૬
વર્ષ: ૩ (સળંગ વર્ષ ૩૮)
અંક: ૧૦, જાન્યુઆરી - ૨૦૧૯
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં. ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: આર્યસમાજ – ટંકારા
મોબાઈલ નં. ૮૯૮૦૮૦૮૦૭૧
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ.પ્રા.આર્ય.પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય : આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂ. ૧૦૦/-
દ્વિવાર્ષિક: રૂ. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂ. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂ. ૮૦૦/-
૧ પ્રત: રૂ. ૧૦/-
**આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.**
Email : gujaratsabha@gmail.com

## સ્તુતિ વચન

**परमात्मा की जाग्रत एवं सुषुप्ति अवस्थाएं**

यदा स देवो जागर्ति तदेदं चेष्टते जगत् ।
यदा स्वपिति शान्तात्मा तदा सर्वं निमीलति।।
मनु. ५२(३०)

जब वह परमात्मा जागता है अर्थात् सृष्टि उत्पत्ति के लिए प्रवृत्त होता है तब यह समस्त संसार चेष्टायुक्त होता है, और जब यह शान्त आत्मावाला सभी कार्यों से शान्त होकर सोता है अर्थात् सृष्टि उत्पत्ति, स्थिति के कार्य से निवृत्त हो जाता है तब यह समस्त संसार प्रलय को प्राप्त हो जाता है ।

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વેદ પ્રવચન | ૬ |
| આર્યસમાજ – ચરોતર પ્રદેશ | ૧૧ |
| સ્વર્ણ પથ | ૧૨ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૪ |
| મનુર્ભવ | ૧૭ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય! | ૧૯ |
| અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર | ૨૧ |
| વૈદિક સંસ્થાન - ઓઢવ | ૨૫ |
| ઘનઘોર જંગલમાં | ૨૬ |
| બાળ વિભાગ | ૩૦ |

# આધ્યાત્મિક ચિંતન

## જીવન સાથે ન રમો

આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદઃ પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુકૃપાથી આપણને માનવ શરીરમાં કર્મની સ્વતંત્રતાનો અધિકાર મળ્યો છે. નવા કર્મ કરવાનો અવસર મળવો ઘણી મોટી વાત છે. સ્વતંત્રતાનું હોવું, વરદાનથી ઓછું નથી. આપણે ઈચ્છાનુસાર જેવા અને જેટલા કર્મ કરવા ઈચ્છીએ છીએ, તેવા તેટલા કર્મ સામર્થ્ય અનુસાર સ્વતંત્રતાથી કરી શકીએ છીએ. સારા અને ખરાબનો વિવેક આપણે કરવાનો હોય છે. વિવેક પ્રાપ્તિનું સાધન બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિયો વગેરે પ્રભુ દ્વારા પ્રાપ્ત કરી દીધી છે. અંતઃકરણમાં પણ પ્રભુની પ્રેરણાઓ અનુભવી શકાય છે. આ બધાનો સદુપયોગ કરી વિવેકને જાગૃત રાખીને, હિત-અહિતનો વિચાર કરીને કર્મની સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો હોય છે.

પ્રભુ દ્વારા પ્રદત્ત કર્મ સ્વાતંત્ર્ય ત્યારે જ વરદાન સિદ્ધ થાય છે, જ્યારે વિવેકની સાથે તેનો ઉપયોગ કરવામાં આવે. કોઈ કર્મ કરવું કે ન કરવું તેનો નિર્ણય અંતે તો સુખદુઃખ આધારિત હોય છે. તેને જ હિત-અહિતના રૂપમાં જોવામાં આવે છે, જે ઉચિત પણ છે. સ્વજ્ઞાન અનુસાર હંમેશા સૌ સુખદુઃખ / હિત-અહિતને ધ્યાનમાં રાખીને કર્મને કરવા ન કરવાનો નિર્ણય કરે છે. તફાવત જ્ઞાનમાં હોય છે, તફાવત વિવેકમાં હોય છે. જ્ઞાન-વિવેકમા ભેદ આવવાથી કર્મમાં ભેદ આવી જ જાય છે. આધ્યાત્મિક વ્યક્તિએ પોતાના કર્મો ઉપર નજર રાખીને સાથે પોતાના જ્ઞાન-વિવેક ઉપર પણ દૃષ્ટિ રાખવી જોઇએ.

પ્રભુકૃપાથી અનેક માણસો હૃદયથી આધ્યાત્મિક માર્ગ ઉપર ચાલે છે. પોતાના જીવનને સાર્થક આધ્યાત્મિક જીવનમાં પરિવર્તિત કરી રહ્યા છે. તેમનો વિવેક તેમને એક નિશ્ચિત માર્ગ ઉપર ચલાવે છે. કર્મને કરવા ન કરવાનો નિર્ણય તેઓ પણ અંતે તો સુખ-દુઃખ / હિત-અહિતના આધારે જ લે છે, પરંતુ દીર્ઘ દૃષ્ટિથી જો માત્ર ઈન્દ્રિયોના જ સુખ-દુઃખને ધ્યાનમાં રાખવામાં આવે, માત્ર આ જન્મને ધ્યાનમાં રાખવામાં આવે તો કર્મને કરવા ન કરવાનો નિર્ણય એક હદ સુધી જ યોગ્ય છે. આટલા માત્રથી માનવ જીવનની સાર્થકતા નથી પ્રાપ્ત થતી.


પ્રભુકૃપાથી આધ્યાત્મિક વ્યક્તિમાં આ સમજ ઉત્પન્ન થવા લાગે છે. તે આ સમજને - વિવેકને ધીમે ધીમે વધારતો જાય છે, પરિષ્કૃત કરતો જાય

છે. તે પોતાના વિવેકનું પરીક્ષણ કરતો રહે છે અને પોતાની સમજને સંશોધિત કરતો જાય છે. પરિણામે તે માત્ર આ જીવનને ધ્યાનમાં રાખીને કર્મ કરવા ન કરવાનો નિર્ણય નથી લેતો, તે માત્ર આ લોકના સુખદુઃખને આધાર બનાવીને નિર્ણય નથી લેતો. તેની દૃષ્ટિમાં પરલૌકિક સુખ-દુઃખ પણ રહે છે. તે બંનેનું ધ્યાન રાખે છે. બંનેનું ધ્યાન રાખીને હિત-અહિત અનુસાર કર્મ કરવા ન કરવાનો નિર્ણય લે છે. તે કર્મ કરવા ન કરવાનો નિર્ણય ગંભીરતાથી લે છે. આમાં કયારેક નિર્ણય કરવામાં વિલંબ પણ થઈ જાય છે, જે બીજા લોકોને અવ્યવહારિક જણાય છે, પરંતુ આધ્યાત્મિક વ્યક્તિને માટે આ જરૂરી હોય છે.

પ્રભુકૃપાથી જેમ જેમ વિવેક પરિપકવ થતો જાય છે, સ્વાભાવિક થતો જાય છે, દિશા અને દૃષ્ટિ નિશ્ચિત - સ્થિર થતી જાય છે, તેમ તેમ નિર્ણય ઝડપી, સહજ - સરળતાથી થવા લાગે છે નિર્ણય લેતી વખતે મનમાં કોઈ સંઘર્ષ-દ્વન્દ્વ-ખેંચાણ નથી રહેતું નિર્ણય યોગ્ય જ હોય છે, નિર્ણય હિતકર જ પૂરવાર થાય છે. આધ્યાત્મિક વ્યક્તિ એક અલગ સ્તર ઉપર જીવે છે, તેના નિર્ણય ઘણાને અનુચિત લાગી શકે છે, પરંતુ પ્રભુકૃપાથી તેમનો આત્મવિશ્વાસ એવો હોય છે કે તે પોતાના નિર્ણય ઉપર અડગ રહી શકે છે, સંતુષ્ટ રહી શકે છે, તે શંકાગ્રસ્ત નથી થતો. તેને સ્પષ્ટ દેખાય છે કે આ સાંસારિક લોકોની જેમ નિર્ણય કરવો આત્માને માટે હિતકર નથી.

પ્રભુએ આ સૃષ્ટિનું નિર્માણ સહજતાથી કર્યુ, તેને માટે આ રમતવત હતુ. તે સંસારને સહજતાથી ચલાવે પણ છે. તે પણ તેને માટે રમતવત્ છે. આકરું લાગતું આધ્યાત્મિક જીવન પણ વિવેકના વધવાથી સહજ થઈ જાય છે, રમતવત્ થઇ જાય છે. સંસારી વ્યક્તિ જ્યારે વિવેક વગર આ જીવનમાં રમત કરવા લાગે છે, તો તે પોતાને રમતનો આનંદ લેવાનો અનુભવવા છતા પણ આધ્યાત્મિક દૃષ્ટિએ વિનાશની તરફ લઈ જતો હોય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વિવેકરહિત આ રમત તેના જીવનને તમાશો બનાવી દે છે. તે પોતાના અમૂલ્ય જીવન સાથે રમી રહ્યો છે. તે પોતાનું બહુમૂલ્ય માનવજીવન / સમય રમતમાં વિતાવી રહ્યો છે. પોતાની જીંદગીની સાથે રમત કરી માનવજીવન વાપરી નાંખવું આધ્યાત્મિક વ્યક્તિને ભયંકર બર્બાદી જેવું લાગે છે. આધ્યાત્મિક માર્ગ ઉપર ચાલવું છે, તો જીવન સાથે રમત રોકવી પડશે. આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરવો હોય તો પોતાના દ્વારા કરવામાં આવતા ખેલ ઉપર ગંભીર વિચાર આરંભ કરવો જોઇએ. આધ્યાત્મિક જીવન જીવવું હોય તો જીંદગી સાથે રમત બંધ કરવી જોઇએ. પ્રારંભમાં આ અઘરૂ લાગે છે, ધીરે - ધીરે સહજ - સરળ - ક્રીડાવત્ થઈ જાય છે. આધ્યાત્મિક દૃષ્ટિથી થવા વાળી આ રમત જીવન સાથે અખતરો નથી બનતી. પ્રભુની કૃપાથી તે પ્રભુની સમાન નિર્લિપ્ત સહજ ક્રિયા- ક્રીડા બની જાય છે.

कृर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतँ समा: ।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ।।
यजु. ४०–२




**અન્વય :-** इह कर्माणि कृर्वन् एव शतं समा: जिजीविषेत्। एवं त्वयि नरे न कर्म लिप्यते। इत: अन्यथा न अस्ति।

**અર્થ :-** (इह) આ સંસારમાં (कर्माणि) કર્મોને (कृर्वन् एवं) કરતાં કરતાં જ મનુષ્ય (शतं समा:) સો વર્ષ સુધી (जिजीविषेत्) જીવવાની કરે. (एवं) આ જ એક સાધન છે જેના દ્વારા (त्वयि नरे न कर्म लिप्यते) તમે મનુષ્યો કર્મમાં આસક્ત નહિ થાઓ. (इत: अन्यथा) આનાથી અલગ બીજો કોઈ માર્ગ (न अस्ति) નથી.

વ્યાખ્યા :- આ મંત્રમાં કર્મનું ગૌરબ અને મહીમાં બતાવવામાં આવ્યો છે. વિસ્તૃત વ્યાખ્યા કરતા પહેલા મંત્રની મુખ્ય ભાવના સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યારે એકવાર ભાવના હૃદયમાં અંકિત થઈ જાય તે પછી બીજી તે સંબંધી નાની નાની સૂક્ષ્મ વાતો સમજવી સહેલી પડે છે. મુખ્ય ભાવના આ છે – 'કર્મ કરો તો જ કર્મના બંધનોમાંથી છૂટકારો મળશે.' કર્મ શું છે અને કર્મનું બંધન શું છે? આ સમજવા એક દૃષ્ટાંત ઉપર વિચાર કરીએ. એક ચોરે ચોરી કરી. ચોરી એક કર્મ હતું. શાસન તરફથી તેને જેલ મળી. આ જેલ જ કર્મનું બંધન છે. **बाधनालक्षणं दु:खम्** (ન્યાયદર્શન ૧-૧-૨૧) બંધન જ દુ:ખનું લક્ષણ છે. કેદી જેલમાં બંધ છે. આ બંધન છે. તે નથી ઈચ્છતો તો પણ તેને જેલમાં ઘંટીમાં દળવું પડે છે. આ બંધન છે. કોઈ જગ્યાએ આવ-જા નથી કરી શકતો. આ કર્મનું બંધન છે. પોતાના કોઈ પ્રિય સંબંધીને મળી નથી શકતો. આ બધા કર્મના બંધન થયા. કર્મ હતું ચોરી, કર્મના બંધન થયા એ કર્મો છે જે ઈચ્છા વગર જબરદસ્તીથી કરવા પડે છે. વેદમંત્ર કહે છે કે આ કર્મના બંધનમાંથી છૂટકારો મેળવવા માટે પણ સતત કર્મ કરવા જોઈએ. આ કર્મનો પ્રકાર જુદો હશે. તેની પ્રકૃતિ પણ જુદી હશે. તેના લક્ષણ પણ

જુદા હશે, પરંતુ તે હશે તો કર્મ જ. કર્મના બંધન વગર કરેલ કર્મ છૂટી શકતા નથી. અનાચાર દોષથી રોગ ઉત્પન્ન થાય છે. ઉપચારથી રોગ દૂર થાય છે. અનાચાર પણ કર્મ હતું જેના બંધનથી થયો રોગ. ઉપચાર પણ કર્મ છે, પરંતુ જુદા પ્રકારનું આથી તે બંધનમાંથી છોડાવનાર છે, બંધનને મજબૂત કરનાર નહિ.

આ પ્રશ્ન કેવળ દાર્શનિક નથી લોકવ્યવહારની રોજીંદી વસ્તુ છે. આપણે રોજ તકદીર (ભાગ્ય) અને તદબીર (પુરુષાર્થ)ની ચર્ચા સાંભળીએ છીએ. તકદીર બંધન છે અને તદબીર કર્મ છે. જીવનમાં આપણે સેંકડો બંધન જોઈએ છીએ જેને આપણે બનાવ્યા નથી. તે બંધન કોઈ જગ્યાથી બની ઠનીને આવી ગયા છે. જેલના વિશાળ ભવનને ચોરે બનાવેલ નથી. તે બીજી કોઈ શક્તિએ તેની ઉપર આ બંધન જબરદસ્તીથી મૂકી દીધું છે. તે પકડમાં છે. જેવું તકદીરમાં લખ્યું છે તેવું થશે જ. તેમાંથી છૂટકારો નથી. કેટલાંક લોકો કહે છે ખુદા-ઈશ્વર જે ઈચ્છે છે તે કરે છે, જેને ઈચ્છે છે તેને સન્માર્ગ બતાવે છે. જેને ઈચ્છે છે તેને ગુમરાહ કરે છે. ઈશ્વરની મરજી વગર શું થઈ શકે? સરકાર મજબૂત છે. જેણે મજબૂત જેલ બનાવી તેમાં ચોરને મોકલી આપ્યો છે. કેટલાંય ભાગવાના પ્રયત્ન કરવા છતાં ભાગી શકતો નથી. આ માટે તે એ સમયની રાહ જુએ છે કે જ્યારે ઈશ્વરની મરજી થાય અને તેને બંધનમાંથી મુકત કરી દે. આવા તકદીર (ભાગ્યા) ના ગુલામોની સંખ્યા ઈશ્વર ભક્તોમાં સૌથી અધિક છે. આનું પરિણામ છે આળસ્ય, ક્રિયાહીનતા. આળસ્યની સાથે તેના કેટલાંય બાળ-બચ્ચાં છે જે બીજા રૂપમાં પ્રગટ થાય છે અને બંધનોને વધુ મજબૂત કરે છે. કેટલાંક એવા પણ છે બંધનમાંથી છૂટવા સતત પ્રયત્ન કરે છે. કોઈ જેલની દિવાલ કૂદીને કે તોડીને ભાગે છે તો કોઈ બારીના સળીયા કાપીને ભાગે છે. કોઈ ચોકીદારની આંખમાં ધૂળ નાખીને ભાગે છે. આને પણ તદબીર (પુરૂષાર્થ) કહી શકો છો. તદબીરના નામે હજારો પાપ કરવામાં આવે છે, જેનાથી બંધન ઢીલું થતું નથી, પરંતુ વધુ મજબૂત થાય છે. આ તદબીર હતું તો કર્મ પરંતુ સમજી વિચારીને કરવામાં આવ્યું ન હતું. આથી આવા કર્મથી છૂટકારાનો હેતુ સિદ્ધ નથી થતો.

કર્મ કરવું એ મનુષ્યનો સ્વભાવ છે. કર્મ કરવું એ સંસારની દરેક વસ્તુનો સ્વભાવ છે. મનુષ્ય પણ આ સંસારનો એક ભાગ છે. પુરું મશીન ચાલે છે તો એવો એનો ક્યો ભાગ છે, જે ચાલ્યા વગર રહી શકે? પરંતુ

એક કામ ઈચ્છાથી કરવામાં આવે છે અને બીજું કામ ઈચ્છા વગર કરવામાં આવે છે. જીવે છે તો બધાં જ પણ જીવીને શું કરીશું એવું બહુ જ ઓછા લોકો વિચારે છે. આ માટે વેદમંત્રમાં એક શબ્દ આવ્યો છે '**जिजीविषेत्**'. આ શબ્દના સૌન્દર્યનું રહસ્ય સમજવા માટે સંસ્કૃત વ્યાકરણનું પારિભાષિક જ્ઞાન આવશ્યક છે. આ ક્રિયા છે. જેને '**विधिलिङ्**' અને સાથે જ '**सन्नन्त**' પણ છે. જેને '**विधिलिङ्**' અને '**सन्नन्त**' આ સ્વરૂપનું જ્ઞાન નથી તેને મંત્રનું મહત્વ સમજવામાં મુશ્કેલી પડેશે. '**विधि-निमन्त्रण-आमन्त्रण-अधीष्ट-संप्रश्न-प्रार्थनेषु लिङ्**' (અષ્ટાધ્યાયી ૩-૩-૧૬૧) અહીં **लिङ्**' લકારનો વિધિના અર્થમાં પ્રયોગ કરવામાં આવ્યો છે. અર્થાત્ જ્યારે કોઈને આદેશ આપવામાં આવે છે કે તેણે અમુક કાર્ય તો કરવું જ જોઇએ ત્યારે '**लिङ्**' લકારનો પ્રયોગ કરવામાં આવે છે. હવે '**सन्नन्त**'(**सन् - अन्त**) પર વિચાર કરો. '**धातोः कर्मणः समान - कर्तृकात् इच्छायां वा**' (અષ્ટાધ્યાયી ૩-૧-૭) અહીં એટલું જાણવું પૂરતું છે કે જ્યાં 'ઈચ્છા' પ્રગટ કરવાની હોય છે ત્યાં ક્રિયાની ધાતુમાં '**सन**' જોડી દેવામાં આવે છે. આ મુજબ '**जिजीविषेत्**' '**विधिलिङ्**' પણ છે અને '**सन्नन्त**' પણ અર્થાત્ મનુષ્યે જીવવાની ઈચ્છા કરવી જોઈએ. કેવી રીતે? '**कर्माणि कृर्वन् एव**' (કર્મ કરતા-કરતાં જ) કર્મો કરવાની ઈચ્છા વગર જીવવાની ઈચ્છાનો કોઈ અર્થ નથી. જો કુદરતને આ મંજુર ન હોત કે આપણે ચાલીએ છીએ તો આપણને પગ ન મળવા જોઈએ. જો એ મંજુર ન હોત કે આપણે જોઈ શકીએ તો આંખ આપવી નિરર્થક છે. આ માટે કુદરતે આપણા શરીરના દરેક અવયવામાં કંઈને કંઈ એવી પ્રેરણા આપી છે કે આપણે નિરંતર કામ કરવાનું જ છે. તફાવત એટલો જ છે કે જે કામ પોતાની ઈચ્છાથી કરવામાં આવે તો તેમાં મજા આવે છે. લોકો રોજ ફરવા જાય છે. જો સરકાર આદેશ આપે કે તમારે દરરોજ ફરવા જવાનું છે તો આ જ આદેશ ગમશે નહિ અને તમે તેને એક વેઠ માનશો. આ માટે વેદમંત્રમાં ઉપદેશ છે કે પહેલાથી જ એવી ઈચ્છા કરો કે આપણે સો વર્ષ જીવવાનું છે અને તે પણ નિષ્ક્રિય થઈને નહિ પરંતુ કાર્યક્રમ બનાવીને જેમાં દરરોજ કર્મ કરવાની યોજના પણ હોય અને ઈચ્છા પણ હોય. બધાં જ જીવતા રહેવાનું ઈચ્છે છે. તેમને પૂછો કેમ? કયા કામ માટે? તો તેનો એની પાસે કોઈ પ્રત્યુત્તર નહિ હોય. જો બે વર્ષ વધુ જીવતાં રહેશો તો શું કરશો?

વિચાર્યું નથી. 'બસ ખાઈશું, પીશું અને મોજ-મજા માણીશું.' ખાવું, પીવું અને મોજ કરવી એ કર્મ નથી - એ તો જીવનના સાધન માત્ર છે. ખાવું સહેલું છે, પીવું સહેલું છે. પરંતુ મોજ કરવાનું સહેલું નથી. ( you can eat, you can drink. But you can not be happy) આ માટે કર્મ કરવાની પ્રબળ ઈચ્છા હોવી જોઈએ. જે બુદ્ધિપૂર્વક કર્મોની યોજના બનાવે છે અને તે પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરે છે, તેનું બંધન છૂટી જાય છે. જેલના કેદી જેલમાં રહીને નિયુક્ત કર્મ કરતો રહે છે, તે જેલના બંધનથી અવશ્ય છૂટી જાય છે. કર્મ કરવામાં ત્રણ પ્રકારના દોષ આવી શકે છે. કર્તવ્યને નહિ કરવું, અકર્તવ્યને કરવું, કર્તવ્યથી ઉલટું કરવું. આ ત્રણેય પ્રકારના દોષો કર્મ બંધનનું કારણ બને છે. જો ઘઉં ન વાવવામાં આવે તો ઘઉં ઉત્પન્ન નથી થતાં, ઉગતા ઘઉંમાં આધિક પાણી પાવું અને ઘઉંને બદલે જુવાર વાવીએ તો પણ ઘઉં ઉત્પન્ન થતા નથી, આથી કર્તવ્યકર્મ કરવાથી જ બંધન છૂટશે. ગીતામાં આ વેદમંત્ર આધારિત એક શ્લોક છે -

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**

**मा कर्मफलहेतुर्भूर्मा ते संगो ऽस्त्वकर्मणि।।**

અહીં અધિકારનો અર્થ છે કર્તવ્ય. અધિકાર; અધિકરણ આ બંને સમાનાર્થી શબ્દ છે. સૂત્રગ્રંથોમાં અધિકાર એ છે જેમાં બીજા સૂત્રોનો સમાવેશ થાય છે. ગીતાના આ શ્લોકનો અર્થ એ છે કે કર્મ મનુષ્યના ચિંતનક્ષેત્રનો વિષય કે અધિકરણ છે, ફળ નહિ. આનો અર્થ એવો કદી પણ નથી કે વિચાર્યા - સમજયા વગર કર્મ કર્યા કરવું. કર્મનું ફળ ક્યારે મળશે? કોઈ કામ કરી લેવામાં આવે ત્યારે કર્મની પ્રેરણા જ તેના ફળની દૃષ્ટિએ હોય છે. ઘઉં વાવનાર પહેલાં જુએ છે કે ઘઉંની પ્રાપ્તિ ક્યારે અને કેટલી થશે અને તે પછી ઘઉંનું વાવેતર કરે છે. 'સ્વર્ગકામો યજેત્' અર્થાત્ સ્વર્ગની કામના કરનારે યજ્ઞ કરવો જોઇએ. અહીં ફળની ઉપેક્ષા અનાદર નથી. પ્રશ્ન અહીં ચિંતનનો છે. જ્યારે એ નિશ્ચિત થઈ જાય કે અમુક કર્મ અમારું કર્તવ્ય છે તો પછી ફળનું ચિંતન છોડી દેવું જોઇએ. ફળની પ્રેરણા આરંભમાં હોય છે. પરંતુ જો કર્તવ્ય પાલન વખતે મનમાં ફળની ઉત્કંઠા બની રહેશે તો મનમાં સંશય ઉત્પન્ન થશે અને કર્તવ્યનું યોગ્ય રીતે પાલન કરવામાં અડચણરૂપ થશે. કર્મનું ફળ આપણાં હાથમાં નથી, આથી ફળને પોતાનો હેતુ સમજવો મૂર્ખતા કહેવાશે. આ અંગે એક દૃષ્ટાંત લઇએ-

આપ સરકારી કચેરીમાં કલાર્ક છો. આપે આ હોદો ત્યારે જ

સ્વીકાર્યો કે જ્યારે આપને નિશ્ચિત જણાયું કે અમુક પગાર મળશે, પરંતુ જ્યારે આપ પોતાના કાર્યમાં મગ્ન રહ્યા ત્યારે પગાર આપના ચિંતનનો વિષય રહ્યો નહિ. કચેરીનું કાર્ય જ એકમાત્ર આપના ચિંતનનો વિષય છે, વેતન આપના ઉપરી અધિકારી કે શેઠના ચિંતનનો વિષય છે. આથી જ કર્મચારી પોતાની કામગીરી ઉપર ધ્યાન આપવાને બદલે દરેક વખતે પોતાના પગારનું જ વિચાર્યા કરે તો તે પોતાની ફરજમાં આવતા અનેક કાર્યોમાં ભૂલ કરે છે. કારણ કે તે કર્મના પ્રયોજનને બદલે કર્મફળનું પ્રયોજન બની જાય છે. ગીતામાં કહ્યું છે કે તારો અકર્મ સાથે સંપર્ક ન હોવો જોઈએ. કર્મહીનતાનું નામ અકર્મ છે અને ઉલ્ટા કામનું નામ પણ અકર્મ છે. (અકર્મ=અ+કર્મ= જે કર્મ નથી તેને કરવું અથવા જે કર્મ છે તેને નહીં કરવું.)

કેટલાંક લોકોએ આ મંત્રનો અર્થ ઉલ્ટો કર્યો છે. તેઓનું કહેવું છે કે આ મંત્રમાં જે કર્મ ઉપર ભાર આપવામાં આવ્યો છે તે ફક્ત મૂર્ખો માટે છે. જે જ્ઞાની છે તેમને તો કર્મની આવશ્યકતા જ રહેતી નથી. શંકરાચાર્યજી ઈશોપનિષદના ભાષ્યમાં લખે છે,

**अर्थ इतरस्यानात्मज्ञतया आत्मग्रहणाय अशक्यस्येदमुपदिशति मन्त्रः कुर्वन्नेवेहेति** અર્થાત્ આ મંત્રમાં ફક્ત એ લોકો માટે ઉપદેશ છે જે અનાત્મજ્ઞ છે અર્થાત્ જેને આત્મજ્ઞાન નથી થયું અને જે અશક્ત અર્થાત્ સામર્થ્યહીન છે. આનો સ્પષ્ટ અર્થ થાય છે કે વેદમાં જ્યાં પણ કર્મનું ગૌરવ બતાવેલ છે તે ફક્ત મૂર્ખો અને અશક્તો માટે છે. જે વિદ્વાન છે તે કર્મોના કર્તવ્યતાથી ઉપર છે. અહીં શાંકરમતમાં જ્ઞાનકાંડને કર્મકાંડથી જુદા કરી દીધા અને બ્રાહ્મણો (બ્રહ્મના વિદ્વાનો) ના મનમાં કર્મની ઉપેક્ષાની ભાવના ઘર કરી ગઈ. આ મંત્રની વ્યાખ્યાના અંતમાં શાંકરભાષ્યમાં એક પ્રશ્ન ઊઠાવવામાં આવ્યો છે.

**कथं पुनरिदभवगम्यते पूर्वेण संन्यासिनो ज्ञातनिष्ठोक्ता द्वितीयेन तदशक्तस्य कर्मनिष्ठति ।**

અર્થાત્ આ કેવી રીતે જાણી શકાયું કે પ્રથમ મંત્ર 'ઈશાવાસ્ય' થી સંન્યાસીની જ્ઞાન નિષ્ઠા અને બીજા મંત્રમાં 'કુર્વન્ન' થી જ્ઞાનના સામર્થ્યમાં અશક્તિમાનની કર્મનિષ્ઠા અભિપ્રેત છે? ખરેખર તો આ પ્રશ્ન વાજબી જ છે કે વેદના આ બંને મંત્રોના કોઈપણ શબ્દથી એ સિદ્ધ નથી થતું કે પ્રથમ મંત્ર જ્ઞાનીઓ માટે છે અને બીજો મંત્ર અજ્ઞાની માટે છે. પરંતુ ભાષ્યકારે ઉત્તર આપ્યો છે – અનુસંધાન પાના નં. ૧૬

# આર્યસમાજ ચરોત્તર પ્રદેશ - આણંદ

## આર્યસમાજ આણંદ ખાતે નવા હોલનું ઉદઘાટન કરાયું.

ચરોતર પ્રદેશ આર્યસમાજ - આણંદ દ્વારા જનસામાન્યને પ્રસંગોની ઉજવણી કરવા માટે સારી આધુનિક સગવડો મળી રહે તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. 'આધુનિક સગવડ સાથે સેવાકાર્ય' મંત્રને ચરિતાર્થ કરવા તા. ૦૮/૧૨/૨૦૧૯ને રવિવારના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે સંસ્થાના એન. કે. સોલંકી હોલ ઉપર નવા હોલનું ઉદ્‌ઘાટન સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા - દિલ્લી અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા - અમદાવાદના પ્રધાન માન. શ્રી સુરેશચંદ્રજી આર્ય ( અગ્રવાલ)ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે વાનપ્રસ્થ સાધક આશ્રમ - રોજડના આચાર્ય શ્રી સત્યજીતજી અને દર્શન યોગ મહાવિદ્યાલય - રોજડના બ્રહ્મચારી શ્રી દિનેશકુમારજીએ ઉપસ્થિત રહીને ઉદ્‌ઘાટન સમારોહને દિપાવ્યો હતો.



ઉદઘાટન સમારોહ વૈદિક યજ્ઞ બાદ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીગણ, અંતરંગ સભ્યો, વિવિધ શાખા આર્ય સમાજોના પ્રતિનિધિઓ, પ્રતિનિધિઓ, ગુજરાતભરની આર્યસમાજોના પદાધિકારીગણ તેમજ આમંત્રિતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રધાન શ્રી સુરેશચંદ્રજીએ નવા હોલના નિર્માણ બદલ ચરોતર પ્રદેશ આર્ય સમાજ - આણંદના સમસ્ત સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા તથા ઉદ્‌ઘાટન કરવાની સોનેરી તક આપવા બદલ સંસ્થાનો આભાર પ્રગટ કર્યો હતો અને ખૂબ.જ સુંદર હોલનું નિર્માણ કરવા બદલ પ્રધાનશ્રી જશવંતસિહજી સોલંકી તથા માનદ્‌મંત્રીશ્રી આર્કિ. અશોકભાઇ પટેલની અત્યંત પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે સંસ્થા વતી વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ પધારેલા સૌ આર્ય મહાનુભાવોનો હાર્દિક આભાર માન્યો હતો, ત્યારબાદ સંસ્થા દ્વારા પ્રીતિ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સ્વર્ણ પથ

સ્વામી જગદીશ્વરાનંદ

## પ્રસન્નતા

**विश्वदानीं सुमनसः स्याम ।** ऋ. ६-५२-५

અમે લોકો (**विश्वदानीम्**) હંમેશા (**सुमनसः**) પ્રસન્નચિત્ત (**स्याम**) રહીએ.

આ સૂક્તિમાં એક ખૂબ જ સુંદર ઉપદેશ છે. આપણે હંમેશા પ્રસન્ન રહીએ. આપણે હંમેશા હસતા રહીને જીવન વિતાવીએ. પ્રસન્ન રહેવામાં જયાં બીજા અનેક લાભ છે, ત્યાં તંદુરસ્તી પણ ઉત્તમ રહે છે. દિવસમાં કમ-સે-કમ એક વાર તો ખૂબ જ જોરથી હસવું જોઈએ. પ્રસન્નતા આત્માને બળ અને શક્તિ આપે છે. જે માણસ હંમેશા પ્રસન્ન રહે છે તેના બધાં જ દુઃખો ભાગી જાય છે. કોઈએ બહુ જ સુંદર કહ્યું છે–

**''પ્રસન્ન હૃદય મનુષ્ય એક એવો સૂર્ય છે, જેના કિરણો અનેક હૃદયોના શોકરૂપી અંધકાર દૂર ભગાડે છે.''**

એક બીજા સજ્જન લખે છે–

**''પ્રસન્નતા તો ચંદન છે, બીજાના માથા પર લગાડો તો તમારી આંગળીઓ આપમેળે જ મહેકી ઊઠશે.''**

સુખમાં તો બધા જ હસી શકે છે, તમે દુઃખમાં પણ પ્રસન્ન રહેતાં શીખો. 'અખંડ પ્રફુલ્લિત રહો દુઃખમાં પણ' – આ તમારા જીવનનો આદર્શ હોવો જોઈએ. સંકટમાં પણ હસો! જો જીવનમાં કાંઈક કરવા માગતા હો તો હિમાલયને જુઓ લાખો વર્ષથી પ્રકૃતિની થપાટો ખાઈને પણ દૃઢ, અચળ અને અડગ ઊભો છે. જે માણસ મુશ્કેલીઓ અને સંકટોમાં પણ ગભરાતો નથી, પરંતુ હસતો–મુસ્કરાતો રહે છે, તે માનવ નહિ દેવતા છે.

સંસારના મહાપુરુષોને જુઓ. બધા જ ખૂબ જ વિનોદી હતા. નેપોલિયન બોનાપાર્ટ કહ્યા કરતો હતો– **''મારી ઉપર કામનો એટલો ભાર છે કે જો હું હસું નહીં તો મરી જાઉં.''**

મહર્ષિ દયાનંદ પણ ખૂબ જ વિનોદી હતા. તેમનો વિનોદ ખૂબ જ શિષ્ટ રહેતો. એક વૃદ્ધ સ્ત્રી જે સ્વામીજીના વાસણો સાફ કરવા આવતી હતી.

એક દિવસ તેણે સ્વામીજીને 'બાબા' કહીને સંબોધિત કર્યા. સ્વામીજીએ કહ્યું ''માતાજી! મને 'બાબા' ન કહ્યા કરો કારણ કે બાબા નો અર્થ થાય છે ઘોડો કે ખચ્ચર'' આ પ્રકારની અનેક ઘટનાઓ સ્વામીજીના જીવનામાં બનતી રહી છે.

મહાત્મા ગાંધી અને પ્રસિદ્ધ લેખક બર્નાર્ડ શો પણ બહુ જ વિનોદી હતા.

આજે યુવાનોના ચહેરા પર મુસ્કાન નથી. જ્યારે કોઈને પૂછીએ છીએ, રડો છો શા માટે? તો તે કહે છે - અરે હું કયાં રડું છું? મારો ચહેરો જ એવો છે.

ભવિષ્યની આશાઓ! રડતો ચહેરો ન રાખો! હસતાં અને પ્રસન્ન રહેતાં શીખો! હસો અને દિલ ખોલીને હસો! હસવામાં તમારા પૈસા પણ નથી વપરાતા, પછી શા માટે હસતા નથી? શ્રી એચ. ડબલ્યુ. બીચરના શબ્દો હંમેશા યાદ રાખો.

**''જે ચહેરા પર મુસ્કાન નથી તે એવી કળી સમાન છે જે ખીલતા પહેલાં જ સડીને પડી જાય છે. મુસ્કાન ભરેલો ચહેરો એવા ખીલેલા ફૂલ સમાન છે જે પોતાની પાસે આવનારાઓને તાજગી અને સુગંધી આપે છે.''**

## શિવરાત્રિ નિમિત્તે વિવિધ સ્પર્ધાનું આયોજન

આગામી શિવરાત્રિ ઉત્સવ નિમિતે ઉપદેશક મહાવિદ્યાલય ટ્રસ્ટ ટંકારા તરફથી દર વર્ષની જેમ આ વર્ષ પણ બાળકોની વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાત્રિ પ્રકાશ વોલીબોલ, શુટીંગ સ્પર્ધા તથા બાળકો માટે પ્રશ્નમંચ સ્પર્ધા થશે જેમાં કોઈ પણ વિદ્યાર્થી અથવા સંસ્થા ભાગ લેવા ઈચ્છે છે તેઓ પોતાનાં વિદ્યાર્થીના નામ ઉંમર સાથે લખીને મોકલી આપશો. વધુ માર્ગદર્શન માટે સંપર્ક કરશો.

નોંધ :- સ્પર્ધા સમય :- ૨૦/૦૨/૨૦૨૦ બપોરે બાદ ૨:૦૦ વાગ્યે થશે.

**દેવકુમાર પડસુંબીયા**
**૯૯૮૦૮૦૮૦૭૧**
**મંત્રી**
**આર્યસમાજ - ટંકારા**

### સૂચના........

આર્ય વૈદિક દર્શન માસિકમાં આવતા લેખો, મંતવ્યો વિશે આપના તરફથી સૂચનો અને અભિપ્રાયો આવકારીએ છીએ.

આપના તરફથી વિચારો અને લેખન સામગ્રી મોકલવા વિનંતી છે.

# જિજ્ઞાસા - સમાધાન

-આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા :-**

'મોક્ષ', 'મુક્તિ' સમાનાર્થક છે કે પર્યાયવાચી, 'આત્મા'ને વેદ પરમાત્માથી પૃથક, અનાદિ, અનંત કહે છે. એક એક આત્મા શા માટે જીવનમુક્ત અવસ્થામાં શરીર ધારણ કરશે?

**સમાધાનઃ-**

મોક્ષ અને મુક્તિ બંને શબ્દ સમાનાર્થક છે, બંનેનો અર્થ છૂટવું છે. દુઃખોથી પૂર્ણરૂપે છૂટી જવાને મોક્ષ અથવા મુક્તિ કહે છે. યોગાભ્યાસ દ્વારા આ સંભવ છે. આત્મા નિશ્ચિતરૂપથી પરમાત્માથી પૃથક અને અનાદિ છે, પરંતુ સ્થાનની દૃષ્ટિથી અનંત નથી. જીવનમુક્તાત્મા દેહ ધારણ પોતાના પાછલા કર્માશયના કારણે કરે છે. આ શરીર પછી આગળ શરીર પ્રાપ્ત ન થાય- જીવનમુક્તાત્માએ પોતાના સમસ્ત કર્માશયને નષ્ટ કરી દીધા હોય છે, પરંતુ વર્તમાન શરીરનું કર્માશય નષ્ટ થયું હોતું નથી, તે તો આ શરીરનાં નષ્ટ થવાથી જ નષ્ટ થાય છે, માટે જીવનમુક્તાત્મા આને પરમાત્માની વ્યવસ્થા માનીને શરીર ધારણ કરતો રહે છે. જ્યાં સુધી શરીરમાં રહે છે, ત્યાં સુધી તે નિરંતર લોકોપકાર કરતો રહે છે અને દેહ ત્યાગ પછી પરમાત્માના સાન્નિધ્ય મોક્ષમાં રહે છે.

**જિજ્ઞાસા:-**

હું વર્ષોથી સાંભળતો આવું છું કે મુક્તિનો માર્ગ બહું કઠીન છે. આ માર્ગ પર કોઈ વિરલા જ ચાલી શકે છે. આવું વાંચ્યુ પણ છે. મારી સમજમાં હજી સુધી નથી આવ્યું કે આ કઠીનતા શું છે, મુક્તિનો માર્ગ કઠીન કેવી રીતે છે? આધુનિક ધર્મગુરુ આને બહું જ સરળ કહે છે. માર્ગદર્શન આશા છે.

**સમાધાન:-**

પ્રાયઃ આધ્યાત્મિક વ્યાખ્યાનોમાં મોક્ષની ચર્ચા થાય છે, આ ચર્ચામાં મોક્ષ કોણ પ્રાપ્ત કરી શકે છે, કેવી રીતે કરી શકે છે, આના સાધાનો કયાં છે, માર્ગ કેવો હોય, કયો હોય વગેરે વાતો રાખવામાં આવે છે. આ વાતોમાં મોક્ષ માર્ગ ને બહુ જ કઠીન પણ બતાવવામાં આવે છે. આપ જે કઠીનતાને જાણવા ઈચ્છો છો. એ વિષયમાં અમે થોડું વિસ્તારથી લખીએ છીએ.

કોઈ માર્ગ જો સરળ હોય તો યાત્રા પણ સરળ બની જાય છે અને

માર્ગ ઠીક નથી તો યાત્રા પણ કઠીન બની જાય છે. યાત્રા માત્ર સરળ માર્ગ પર નિર્ભર કરતી નથી યાત્રા તો યાત્રી પર પણ નિર્ભર કરે છે. જો યાત્રી કમજોર, રોગી, નિરુત્સાહી અને પ્રમાદી છે તો તે ઋજુ-સરળ માર્ગ પર પણ યાત્રા કરી શકતો નથી અને જો યાત્રી બળવાન, સ્વસ્થ, ઉત્સાહી અને ઉદ્યમી હોય તો કઠીન માર્ગ દ્વારા પણ પોતાના ગંતવ્યને પ્રાપ્ત કરી લેશે.

આજે ઘણા આધુનિક ધર્મગુરુ મતાનુયાયી જો માનસિક - શારીરિક બળથી હીન, અસ્વસ્થ, નિરુત્સાહી, પ્રમાદી છે, તે દંભ ભરે છે કે અમે પરમલક્ષ્ય સુધી પહોંચી ગયા છીએ. મુક્તિનો માર્ગ ઘણો સરળ છે. અમારા શિષ્ય બનશે, તેને પણ અમે મુક્તિ સુધી પહોંચાડી દઈશું. તેનું આ કથન મિથ્યા પ્રલાપ માત્ર છે, કારણ કે, શાસ્ત્ર કહે છે -

**नायमात्मा बलहीनेन लभ्यो**

**न च प्रमादात्तपसो वाप्यलिंगात्** । मुण्डकोपनिषद्-४/५७

આ આત્મા બલહીન અર્થાત્ શારીરિક, માનસિક, બૌદ્ધિક, આત્મિક બલથી હીન વ્યક્તિને પ્રાપ્ત થઈ શકતો નથી, ન પ્રમાદીને અને ન લક્ષ્યહીન તપ કરવાવાળાને. જ્યારે આપણે આ શાસ્ત્ર વચન ઉપર વિચાર કરીએ છીએ ત્યારે આપણને લાગે છે કે આ મતાનુયાયી ગુરુઓની પાસે તે વસ્તુ જ નથી કે જેને પરમલક્ષ્ય મોક્ષ કહે છે. તે તો વેદપથાનુગામી ઋષિઓની પાસે છે. આમ પણ ઋષિઓએ આ માર્ગને **'अणुः पन्था' 'क्षुरस्य धारा'** વગેરે વિશેષણોથી યુક્ત કહ્યો છે. અર્થાત્ મોક્ષ માર્ગ અત્યન્ત સૂક્ષ્મ છે, છરાની ધાર પર ચાલવા બરાબર છે.

તે એટલે છે કે આ માર્ગમાં પોતાને પ્રત્યેક પણ સાંસારિક આકર્ષણોથી રોકી રાખવાનું હોય છે. પોતાની પ્રત્યેક ઈન્દ્રિય અને તેના વિષયને સમજવા, મન અને મનમાં પડેલ સંસ્કારોને જાણવા, તેને કમજોર કરવા, દગ્ધબીજ કરવા, બુદ્ધિને જાણવી કે એ કઈ વસ્તુ છે, મારા માટે આ કલ્યાણકારી અથવા અકલ્યાણકારી કઈ રીતે સિદ્ધ થઈ શકે છે, એ જોવું, વિચારવું બહું કઠીન છે. માટે મોક્ષ માર્ગને કઠીન કહેવામાં આવે છે.

પ્રાયઃ વ્યક્તિ થોડી-ઘણી સંધ્યોપાસના કરીને, પૂજાઃપાઠ અથવા મંદિરો અને તીર્થોની યાત્રા કરીને આજકાલના નામધારી ગુરુઓના શિષ્ય બનીને વિચારીએ છે કે આપણે મુક્તિના માર્ગ પર છીએ. આ વિચારવું તેનું ભ્રમમાત્ર છે, કારણ કે શાસ્ત્ર આટલા માત્રથી મુક્તિનો માર્ગ કહેતું નથી.

શાસ્ત્રો તો કહે છે કે જેનું અંતઃકરણ શુદ્ધ છે અને જે અંતઃકરણ

શુદ્ધ કરવામાં લાગ્યો છે, તે જ મોક્ષ માર્ગનો અધિકારી અને મોક્ષમાર્ગનો પથિક છે. જ્યારે વ્યક્તિ પોતાની શારીરિક ક્રિયાઓને જુએ છે, અર્થાત્ તે જુએ છે કે મારું ઉઠવું - બેસવું, ચાલવું, મારું હસવું, મારા મુખમંડળનો ભાવ ઋષિઓના તુલ્ય છે કે નહી? હું શરીરથી હિંસા, ચોરી આદિ કર્મ તો કરતો નથી? આ માર્ગનો પથિક પોતાની વાણીનો વ્યવહાર જુએ છે કે, હું કયાં-કયાં વિના પ્રયોજનનું બોલું છું, ક્યાં મારાથી અસત્યભાષણ થાય છે, મારાથી અસત્યભાષણ કેમ થાય છે? ક્યારે હું દ્વેષથી યુક્ત થઇને વાણીથી અપ્રિય વચન બોલું છું? આ પ્રકારે મનનું પણ વિશ્લેષણ કરે છે કે મારા મનમાં ક્યારે કેવો ભાવ ઉઠે છે, આ ભાવ ઉઠે છે કે હું ઉઠાવી લઈ છું. કોને જોઈને-સાંભળીને મનની અંદર કેવી પ્રતિક્રિયા થાય છે? આ બધાને મોક્ષમાર્ગી બહુ સૂક્ષ્મતાથી જુઓ છે.

બધી ઐષણાઓને છોડીને આ બધી શારીરિક, વાચનિક અને માનસિક વ્યવહારોને જોઇને, જે આમાંથી અધર્મપૂર્વક વ્યવહાર છે, તેને છોડે છે અને જે ધર્મયુક્ત વ્યવહાર છે તેને કરે છે. આવું કરવાથી વ્યક્તિનું અંતઃકરણ શુદ્ધતાની તરફ ઉન્નત થાય છે. સાંસારિક ઈચ્છાઓને ન રાખીને માત્ર ઈશ્વર ઈચ્છાની અનુકૂળ ચાલવું, પરમેશ્વરની ઈચ્છાને સમજવી, ઋષિઓના મંતવ્યોને ઠીક - ઠીક સમજવા, તે મંતવ્યોને અનુકૂળ સ્વયંને ચલાવવું, વ્યવહાર કરવો એ બધું ઘણું કઠીન કાર્ય છે. એટલે ઋષિઓએ આ માર્ગને 'अणुः पन्था' 'क्षुरस्य धारा' કહ્યું છે. તમે કઠીનતાને જાણવા ઈચ્છો છો તો તમને ઉપરોક્ત વાતોથી આ માર્ગની થોડી કઠીનતાનું જ્ઞાન થયું હશે.

**વેદ પ્રવચન** **અનુ. પાના નં. ૧૦ થી ચાલુ**

**उच्चते ज्ञानकर्मणोर्विरोधं पर्वतवदकम्प्यं यथोक्तं न स्मरसि किम्**

શું તમને અમારી એ વાત યાદ નથી રહીં કે જ્ઞાન અને કર્મનો પરસ્પર વિરોધ તો પર્વતની જેમ અટલ છે? જ્ઞાન અને કર્મ પરસ્પર એક બીજાના વિરોધી નહીં પણ પૂરક છે. જ્ઞાનનિષ્ઠ જ કર્મનિષ્ઠ બની શકે છે. જે જ્ઞાની નથી તે કર્મનિષ્ઠ કેવી રીતે બની શકે?

દેશ નિરુદ્યમી (આળસુ) બની ગયો. કર્મ અને જ્ઞાનની વચ્ચે અટલ પર્વત ઊભો થઈ ગયો. કર્મકાંડ અને જ્ઞાનકાંડની વચ્ચેના વ્યવધાન (પડદા) ને હટાવવાની આવશ્યકતા છે અને તે વાત યોગ્ય સ્વાધ્યાયથી જ પૂરી થઈ શકે છે.

# मनुर्भवः

रामदयाल शास्त्री, उपदेशक महा.वि. टंकारा

ऋग्वेद में क सूक्ति आती है - "मनुर्भव जनया दैव्यं जनम्"

ज्ञान का मुलभूत सार यही है की मनुष्य तू सच्चा मनुष्य बन। मनुष्य, मनुष्य तंभी बन सकता है, जब उसमें पशुताओं का प्रवेश ना हो। आकार, रूप, रंग से कोई प्राणी मनुष्य दिखता तो है परन्तु उसके अन्दर कुत्ता, विल्ली भैंस आदि का स्वभाव आकर अपना डेरा जमा लेता है तब उसे मनुष्य नहीं कह जा सकता।

"मत्वा कर्माणि सीव्यति"

अर्थात् - जो अपने चिन्तन मनन से अपना कर्म रूपी वस्त्र सिता है वह मनुष्य है। केवल मनुष्य जन्म लेने से मनुष्य मनुष्य नही बन जाता। मनुष्य बनने के लिए आवश्यकता है मनुष्यता की भावना की। अब मनुष्यता की भावना की कोई औषधी या दवा नहीं होती जिसको खाने से उसमें मनुष्यता आ जायेगी। मनुष्य वहीं है जो दूसरे मनुष्यों के दुःख तथा हानि को अपना ही दुःख तथा हानि समझे और जो कितना भी कठीन परिस्थितियों में भी सत्य का पालज नहीं छोडता हो और वह सत्य पथ पर निर्विकार रूप से आगे बढता चला जाता है।

इस संसार में जब मनुष्य शिशु अवस्था में जन्म लेता है तब उसका हृदय पवित्र होता है, उसका मन पवित्र होता है, उसका अन्तःकरण पवित्र होता है, उसका शरीर पवित्र होता है। शरीर में कोई विकार नहीं, कोई रोग नहीं, परन्तु इस संसार में आते ही उसे यह संसार दुषित कर देता है जैसे आकाश से गिरनेवाला पानी बहुत ही निर्मल होता है और ज्यों ही इस धरती पर पडता है त्यों ही दुषित हो जाता है। वह बालक ज्यों-ज्यों बढता चला जाता है त्यों - त्यों उसका हृदय अपवित्र होता चला जाता है, उसका मन अपवित्र होता चला जाता है और इस संसार के कुछ अच्छे गुणों को धारण करता है तो कुछ बुरे गुणों को धारण करता चला जाता है वह मनुष्य भूल जाता है कि

परमात्मा ने हमे मनुष्य क्यों बनाया? उसे क्यों इस दुनिया मे भेजा गया? उसका लक्ष्य क्या है? इस समय का मनुष्य जन्म लेता है, पढता-लिखता है और अच्छी नोकरी कर लेता है और शादी फिर बच्चे, फिर बूढे होंगे, फिर मर गये क्या यही है मनुष्य जन्म का लक्ष्य? मनुष्य जन्म का लक्ष्य यह नहीं है। मनुष्य जन्म का लक्ष्य है मोक्ष प्राप्ति। उसे मोक्ष के लिए प्रयत्न करना चाहिए। कहते है चौरासी लाख योनियों में भटकने के बाद मानव योनि मिलती है।

एक बहुत बडी गुफा थी जिसमें चौरासी लाख दरवाजे थे। एक अन्धा भुला भटका व्यक्ति उस गुफा में फँस गया। गुफा के सारे दरवाजे बन्द थे। एक दरवाजा खुला था। वह व्यक्ति उस गुफा से निकलना चाह रहा था। अब वह व्यक्ति सारे दरवाजे टटोल-टटोल कर देख रहा था कि कौन सा दरवाजा खुला है और उस दरवाजे से बहार निकल सके। जब वह खुला हुआ दरवाजा के पास आया तव उसे खुजली आ गई और उतने में ही वह आगे बढ गया। वह अभागा मनुष्य फिर से चौरासी लाख दरवाजे टटोलता रहा। आप लोग कहेंगे कोन था? वह अभागा मनुष्य तो उत्तर यह रहेगा कि यह संसार ही वह गुफा है और उसमें यह मनुष्य और चौरासी लाख योनियां - चौरासी लाख गुफा के दरवाजे है और खुला हुआ दरवाजा और जब आत्मा को खुला हुआ दरवाजा मानव योनि मिलती है तव उसे खुजली आती है और अपने कर्तव्यों को भुल जाते हैं।

इस संसार में रहते मनुष्य शुभ कर्मों को नहीं करते और अपने भाग्य को कोसते रहते है और मैं आप को बतादूं अपने भाग्य निर्माता मनुष्य स्वमं है जैसा कर्म करोगे वैसा ही फल मिलेगा 'कर्मण्येवाधीकारस्ते मा फलेषु कदाचन' शास्त्र में कहा गया है। कर्म करते जाओ फल की चिन्ता मत करो। कुछ कर्म के फल कुछ ही दिन बाद मिलता है तो कुछ कर्मो के फल कुछ समय बाद और कुछ कर्मो के फल कुछ जन्मों बाद मिलते है। अभी जो हम इस जीवन में भुगत रहे हैं वह पीछले जन्मों के कर्मो के फल भुगत रहे हैं और इस मानव जीवन में हमें अगले जन्म की तैयारी करनी चाहिए। जो जैसी तैयारी करेगा उसको उसी प्रकार का जीवन मिलेगा। वैसा ही वातावरण, वैसा ही परिवार, वैसा ही सुख-सुविधा मिलेगा।

# પિતૃ નડતર એક અજ્ઞાત ભય !

બલદેવભાઈ ઓઝા

## અંધશ્રદ્ધાનો અંતિમ પડાવ
## પાપ કર્યા પછી હળવા થવાના સરળ પેકેજો

માનવ મહેરામણની મજા માણવા આ લેખક કથા, સપ્તાહો અને ધાર્મિક મહોત્સવોમાં જાય છે. વ્યાસપીઠ પરથી શાસ્ત્રોનો હવાલો આપીને, પાપ નિવારણ માટેના આકર્ષક પેકેજો સાંભળવા મળે છે. કેટલાંક નમૂના અહીં રજૂ કરું છુ.

**પેકેજ નં. (૧) ગંગા સ્નાન કરનારના તમામ પાપો નાશ પામે છે.**

પાપ કરવાની ટેવ છૂટતી ન હોય તો મન પર બોજો ન રાખવો. ગંગા સ્નાન કરી આવવું. સીનીયર સીટીઝન હોય એમને હવે તો ત્રીસ ટકા સુધી રેલ્વે ટીકીટમાં રાહત પણ મળે છે. આ પેકેજનો લાભ વર્ષે દહાડે કરોડો શ્રદ્ધાળુઓ લે છે.

પૌરાણિક આભા અને અઢળક કુદરતી સૌંદર્યથી સભર ગંગાનદીમાં સ્નાન કરવાથી મનમાં પવિત્ર ભાવો જાગે છે. ગંગા સ્નાનનું આ રીતે મહત્વ છે. કથાકારો પણ જાણે છે કે માત્ર ગંગા સ્નાન કરવાથી પાપ બળે એ વાતમાં માલ નથી!

**પેકેજ નં. (૨) દરેક ધર્મ પંથનો એક પવિત્ર મંત્ર હોય છે આ મંત્રનો જાપ કરવાથી મનુષ્યનાં સઘળ પાપો બળી જાય છે.**

સૌથી સરળ અને સસ્તો ઉપાય છે. પાપ તો કરવું જ છે. અઢળક ધન સત્તા કમાવા હોય તો પાપ પુણ્ય નો વિચાર કરવો ના પાલવે. પાપે નિવારણના ઉપાય તો શોધવા જ પડે. ઘેરબેઠા, પલોઠી વાળીને, મંત્રો જાપ કરવામાં ખાસ કાંઈ ગુમાવવાનું હોતું નથી. મોટાભાગનાં ડાહ્યા માણસો આ પેકેજનો લાભ લેવાનું ચૂકતા નથી.

મંત્ર જાપથી મનની શક્તિ વધે છે. મનને શાંતિ મળે છે. મંત્ર જાપનું આ રીતે મહત્વ છે.

**પેકેજ નં. (૩) મહોત્સવનો પ્રસાદ લેવાથી કરોડો જન્મોનાં પાપ નાશ પામે છે.**

તાજેતરમાં એક મહોત્સવને ટી.વી. પર માણ્યો. વ્યાસપીઠ પરથી કથાકારે એક નવતર પેકેજની જાહેરાત કરી. ...............

"આ દિવ્યાતિદિવ્ય મહોત્સવનો પ્રસાદ લેવા માત્રથી માનવીના કરોડો જન્મોના પાપ નાશ પામે છે."

મારા મનમાં બે પ્રશ્ન ઉભા થયા.

(૧) અત્યાર સુધી આપણને ઠસાવવામાં આવ્યું છે કે મનુષ્યને ચોર્યાસી લાખ યોનીમાં ભટકવું પડે છે. હવે ચોર્યાસી લાખ યોનીમાંથી આ એક કરોડ જન્મો કઈ રીતે થાય?

(૨) લાખો હરિભક્તો એકઠા થયા હતા. મારા દેશમાં સત્ય અને નીતિ વાળા લાખો માણસો આમ એક સાથે દેખાય એ હું ના માનું. આમાનાં કેટલાક તો ભ્રષ્ટાચારી, કૌભાંડી, અહંકારી.... વગેરે વગેરે લક્ષણોવાળા પણ હશે. આ મહોત્સવનો પ્રસાદ આરોગવા માત્રથી એમના હાલના અને અગાઉના જન્મોના તમામ પાપો નાશ પામે છે. વ્યાસપીઠ પરથી આવુ આકર્ષક પેકેજ જાહેર કરનારને શું કહેવું? મને કથાકારનો પણ વિચાર આવે છે. તેઓ જો ખોટી જાહેરાત કરતા હશે તો કુદરતના કાયદા અનુસાર તેમને સજા થશે ખરી ?

મે જોયું છે કે શ્રીમંતોના ધનમાં ભાર હેઠળ ભવ્ય કથાના આયોજન હાથ ધરનારા કથાકારો સત્ય, પ્રામાણિકતા અને મીઠી કમાણીના મહત્વ વિષે હંમેશા દબાતા સ્વરે બોલતા હોય છે! અનુયાયીઓએ કરેલાં પાપો કેમ બળે એ માટેનાં અવનવા પેકેજો, ગળા ફાડીને જાહેર કરતા હોય છે!

**પેકેજ નં. (૪) એક ઘડી આધી ઘડી આધીને પુની આધ**
**તુલસી સંગત સાધુકી કટે કોટી અપરાધ**

સંપૂર્ણ સાત્વિક સાધુ મળે અને એની સાથે સંગત કરવાથી માનવીનું જીવન પરિવર્તન થાય એ વાત તો જાણો બરાબર છે. તુલસીદાસજીનો કહેવાનો અર્થ પણ આવો જ હતો.

"કટે કોટી અપરાધ" વાળી વાત આપણને ગમી. અને પકડી લીધી. પછી તો ભાઇ મહંતો અને મઠાધિશોના ભવ્ય આશ્રમોમાં દોટ મૂકી. એવી આંધળી દોટ કે માની લીધેલ બાપુ જેલમાં જાય તોયે મનને મનાવીએ.

"આ એક જાતનુ ષડયંત્ર છે."

આંખો મીચીને સાધુ સંતોના ચરણ પખાળવાનું કારણ? પા કલાકનો સંગ કરીએ તો પણ કોટિ કોટિ અપરાધ બળી જવાનું પેકેજ અહીં મોજુદ છે. કહેવાતા ગુરૂજીના ચરણમાં કાળુધોળુ નાણુ ઠાલવીને પાપથી હળવા બનવાનું કોને ન ગમે?..............

(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૫ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

## અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

સ્મૃતિશેષ હસમુખરાય પરમાર

ગતાંકથી આગળ...

### ત્રીજો પડાવ - પેલેસ્ટાઈન યાત્રા

પેલેસ્ટાઈનમાં મૌલાના શૌકતઅલી અને અન્ય સજ્જનોના વિપક્ષમાં આરબોની એક શકિતશાળી પાર્ટી હતી. જે આ સભાને અંગ્રેજોની સભા ગણાવતી હતી. એ પાર્ટીના ઘણા સદસ્ય મારા પરિચિત હતા. જે સભા થવાની હતી તેની વ્યવસ્થા મુફતી અમીન આફન્દી અલહુસૈની કરતા હતા. મુફતી સાહેબ મને કહયું કે વિપક્ષી પાર્ટીના સદસ્યો સાથે અમારી સુલેહ કરાવી આપો. એ માટે મેં ખૂબ જ પ્રત્યનો કર્યા પણ તેનું કંઈ પરિણામ આવ્યું નહીં.

હું મુફતી સાહેબના કહેવાથી તેમની સાથે મૌલાના શૌકતઅલીને મળવા સ્ટેશન ગયો અને અમે તેમને સ્ટેશનથી મસ્જિદ-અલ-અકસામાં લઈ આવ્યા. એ લૈલાતલમેરાજનો દિવસ હતો અને પેલેસ્ટાઈનના મુસલમાન પણ લૈલાતલમેરાજ મનાવવા માટે મસ્જિદમાં આવ્યા હતા. પહેલા થોડા અરબી વ્યાખ્યાન થયા. હવે મૌલાના શૌકલઅલીને વ્યાખ્યાન માટે કહેવામાં આવ્યુ, પણ તેમણે સર ઈકબાલને એ માટે તૈયાર કર્યા. સર ઈકબાલ અંગ્રેજીમાં બોલતા હતા. એકાદ મિનિટ થઈ ત્યાં જ આરબ લોકોએ વિરોધ કર્યો કે આ પવિત્ર સ્થાનમાં અંગ્રેજીમાં વ્યાખ્યાન ન થવું જોઈએ. સર ઈકબાલને થોડો સંકોચ થયો, પણ સ્વસ્થ થઈને ઉર્દૂમાં બોલવા લાગ્યા. લોકોએ ફરીથી બોલવા લાગ્યા, 'તરજીમ', 'તરજીમ' એટલે કે તેનો અનુવાદ કરો. દુર્ભાગ્યવશ પ્રોફેસર રઊફ પાશા સાહેબ ઊભા થયા અ ને સર ઈકબાલના વ્યાખ્યાનને અરબીમાં સમજાવવા લાગ્યા. તેમણે અરબીમાં સમજાવવા ભરપૂર પ્રયત્ન કર્યા પણ પછી ધ્રુજતા - ધ્રજતા બેસી ગયા. સર ઈકબાલ પહેલા જ ચૂપ થઈ ગયા હતા. ત્યારબાદ અસર (સાંજના ચાર વાગ્યે) ની નમાજનો સમય થઈ ગયો હતો, એટલે વ્યાખ્યાન બંધ કર્યા અને લોકો નમાજ પઢવા લાગ્યા.

બીજા દિવસે સભા થવાની હતી અને મોટા મૌલાના અને સર ઇકબાલને અરબી ફાવતી નહોતી. સભામાં બોલવાનું તો એક તરફ રહ્યું એ લોકો આરબોને, જે તેમના ઘરે મળવા માટે આવતા હતા, પોતાની વાત પણ સમજાવી શકતા ન હતા. મુફતી સાહેબે મને મૌલાના સાહેબની વાતચીતના ભાષાંતરના કામે લગાડયો.

એક દિવસ હું કામ માટે બહાર ગયો હતો. જ્યારે ભોજન તૈયાર થઈ ગયુ તો આરબ લોકોએ મૌલાના સાહેબ એન તેમના સાથીઓને આવીને કહયું, 'યલ્લાહ' એટલે અર્થાત્ ચાલો. મૌલાનાએ પણ ઉત્તર આપ્યો ''યા અલ્લાહ'' એટલે કે ''હે ઈશ્વર'' આરબ લોકો ફરીથી બોલ્યા, ચાલો પણ મૌલાના દર વખતે બોલતા યા અલ્લાહ. દસ - પંદર મિનિટ સુધી આમ ચાલ્યું. એટલામાં હું ત્યાં પહોંચ્યો અને મૌલાનાને ભોજન તૈયાર થઇ ગયું છે એમ સમજાવ્યું.

બીજા દિવસે મદ્રિસા કુલયા રોજા તલ મારિફ જ્યાં એમની સભા થતી હતી, એની બરાબર સામે વિપક્ષી પાર્ટીએ તંબૂ તાણી દીધા અને હજારોની સંખ્યામાં એક અલગ સભા ભરી. મૌલાના સાહેબ પરિસ્થિતિની ગંભીરતા જોઇને પોતાની સભામાં ફકત ડેલિગેટસ (આમંત્રિત સજ્જનો) ને જ હાજર રહેવાની આજ્ઞા કરી, જેની સંખ્યા દોઢસોથી વધારે ન હતી. જ્યા સભા શરૂ થઈ ત્યાં સર ઈકબાલ અને ગુલામ રસૂલ મેહરની સાથે મૌલાના સાહેબને બોલાચાલી થઇ એટલે એ બંને મહાનુભાવ મૌલાનાનો સાથ છોડીને એક અરબી લોકાન્દા (હોટલ) માં ચાલ્યા ગયા.

સભાના દિવસોમાં રોજ રાતના સમયે પેલેસ્ટાઈનના હાઈ કમિશ્નરની ગાડી મૌલાના સાહેબને લેવા માટે આવતી હતી. અને તેમનું ડિનર (ભોજન) પણ સામાન્ય રીતે ત્યાં જ થતું. અહીં રાતના સમયે જે નકકી કરવામાં આવતું તે જ રીતે સભામાં કાર્ય ચાલતું. હાઈ કમિશ્નરની સાથે મૌલાનાની આ આવશ્યક મંત્રણામાં કયારેક-કયારેક સર ઈકબાલ અને શફી દાઉદી વગેરે પણ હાજર રહેતા.

રઊફ પાશા આ લોકોથી કંઇક અલગ માટીના માણસ હતા. તેઓ શરીર ઉપર ખાદી ધારણ કરતા હતા અને મનના પણ સાફ હતા. મૌલાનાની તેઓ ખૂબ આલોચના કરતા હતા અને સભામાં પણ ઘણી વખતે એના કારણે મૌલાનાને નીચું જોવું પડતું. સભા તો ખુદા-ખુદા કરીને સમાપ્ત થઈ ગઈ પણ ખિલાફત સમિતિની સ્થાપના થઈ ન શકી.

જે દિવસોમાં સભા ચાલતી હતી. ત્યારે અરબી સમાચારપત્રો તેમના સમાચારને 'અલ હિન્દી આયે' એ પ્રકારના શીર્ષક આપતા હતા. તે વાંચીને મૌલાનાને એક પ્રકારના દુઃખ જેવું લાગતું, કારણ કે ભારતમાં તો એ લોકો કહ્યા કરતા કે અરબ આપણું, તુર્કી આપણું, ઈરાન આપણું, અફઘાનિસ્તાન આપણું, પણ અહીં આવીને ખબર પડી કે હિન્દી મુસલમાનોનું કયાંય પણ સન્માન નથી. સર ઈકબાલે તો દુઃખી થઈને એક કવિતા પણ બનાવી હતી, 'સારે જહાં સે અચ્છા હિન્દોસ્તા હમારા' જેનાથી હવે આપણે સારી રીતે પરિચિત છીએ. મૌલાના સાહેબ અરબના મુસલમાનોને અંગ્રેજોની સાથે હળીમળીને રહેવાનું કહેતા હતા, ત્યાંના મુસલમાન અંગ્રેજોની સાથે મળી ગયા, જેના કારણે અંગ્રેજોએ પેલેસ્ટાઈનના ભાંગલા પાડી દીધા. પેલેસ્ટાઈનમાં હિન્દુઓને વેપાર કરવાની છૂટ મળેલી છે. અઢી મહીના સુધી પ્રચાર કરીને મેં અહીં જમીયતુલ હિજબુલ્લાહ (આર્યસમાજ) ની સ્થાપના કરી.

**<u>યાફા બંદર અને તેલ અવીવ તરફ પ્રસ્થાન</u>**

એ પછી હું બંદરે પાછો ફર્યો. યાફાની પાસે એક નવું ગામ વસેલું છે, જેને તેલ અવીવ કહે છે. તેને લંડન જેવું બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમાં રહેવાવાળા મોટા ભાગના યહૂદી લોકો છે, જે વેપાર ધંધા કરે છે. અહીંની નારંગી ખૂબજ પ્રસિદ્ધ છે અને બૈતુલમુકદસથી લઈને યાફા સુધી તમને કયાંય પણ નારંગીના વૃક્ષો વગરની જમીન જોવા નહી મળે. પરિણામે અહીં નારંગીનો ખૂબ જ વેપાર થાય છે. નારંગીઓ ભરીને જહાજો યૂરોપમાં જાય છે. લેમોનેડ (લીંબુનો રસ) ની જેમ જ નારંગીના રસની બોટલ ભરવામાં આવે છે.

સપ્તાહના કયા દિવસે રજા હોવી જોઈએ એ વિષયમાં સંસારની વિવિધ જાતિઓમાં અલગ - અલગ દિવસો છે. અહીં તેલ અવીવમાં શનિવારે જાહેર રજા હોય છે. આ દિવસે યહૂદીઓ કોઈ કાર્ય કરતા નથી. શનિવારના દિવસે સવારે જ સમુદ્રના કિનારે ચાલ્યા જાય છે અને ફરીને બપોરે પાછા ફરે છે. આ દિવસે કોઈ ઘર કે હોટલમાં ચૂલો સળગતો નથી અને વાસી રોટલીનું ભોજન હોય છે.

શનિવારે મે એક વિચિત્ર ઘટના જોઈ. જ્યારે હું બજારમાંથી નીકળતો હતો ત્યારે ચોક ઉપર નાની - નાની છોકરીઓ ઊભી હતી. તેઓએ મને જોતા જ મારા ખભા પર રેશમી ઉપવસ્ત્ર (ખેસ) પહેરાવ્યુ અને મારી પાસે પૈસા માંગ્યા. પહેલા તો મને મશ્કરી જેવું લાગ્યું, પણ એ ખેસમાં અરબી અક્ષરોમાં 'યહૂદી ધર્મની જય' લખેલું હતું. એ છોકરીઓ બજારમાં આવવા - જવાવાળા બધાના કપડા પર એ લખાણવાળો ખેસ લગાવતી હતી. મેં બે પૈસા તેમને ભેંટ કર્યા અને આગળ જઈને. તે ખેસ ઉતારી નાખ્યો. જ્યારે બજારના આગળના

ચોકે પહોંચ્યો તો ત્યાં પણ બીજી છોકરીઓએ એ જ ખેસ પહેરાવ્યો. અહીં પણ મારે બે પૈસા ભેંટ કરવા પડયા. મે હવે ખેસ રહેવા દીધો અને બેધડક આગળ ચાલ્યો. આગળના ચોકે પણ છોકરીઓ ઊભી હતી, પણ વસ્ત્ર જોઈને કોઈએ કંઈ ન કર્યુ. હા કોઇ 'પાસપોર્ટ' વગર બજારમાંથી નીકળે તો તેમની પાસેથી બે પૈસાનો ટેક્સ વસૂલ કરવામાં આવે છે, ભલે કે કોઇ પણ ધર્મનો હોય. આ રીતે એકત્ર કરેલ ધનથી ગરીબ, અંધ, અપંગ અને બેરોજગારોને મદદ કરાય છે.

અહીં હું એક યહૂદી વકીલને ત્યાં રોકાયો હતો, જે તેમની જાતિના મોટા નેતા હતા. તે મારા ખાસ મિત્ર પણ હતા. અહીં બે સપ્તાહ સુધી વૈદિક ધર્મનો પ્રચાર કરીને હું બૈતુલ મુકદસ પાછો ફર્યો.

બૈતુલ મુકદસની પાસે એક સ્થાન છે, જેને તબર્રિયા સરોવર કહે છે. તેમાંથી કુદરતી રીતે પૃથ્વીમાંથી પાણી નીકળ્યા કરે છે અને એક નહેરમાં વહી જાય છે. આ નહેર અહીંથી નીકળીને શરકીઅલ અરદન તરફ આગળ વધે છે. આ સ્થાન પેલેસ્ટાઈનની સીમા પાસે છે. અહીંથી હું દમિશ્ક (શામ) તરફ આગળ વધ્યો.

અહીં આ પુસ્તકનો ત્રીજો પરિચ્છેદ પાંચ મહિના, એકવીસ દિવસની યાત્રા સાથે સમાપ્ત થાય છે. ચોથા પરિચ્છેદમાં શામ અને તુર્કીનો વૃતાંત વર્ણવીશું.

## સુધારા નોંધ:-

ગયા અંક ડિસેમ્બર - ૨૦૧૯માં પાના નં. ૫ માં છપાયેલ અંતિમ વાક્ય - 'તે તો માત્ર મેળ વધારવવામાં વ્યસ્ત રહે છે' ના બદલે સાચું વાક્ય 'તે તો માત્ર મેલ હટાવવામાં વ્યસ્ત રહે છે.' એમ વાંચવું.

ભૂલ કરવા બદલ વાચકોના અને લેખકના ક્ષમાપ્રાર્થી છીએ.

- સંપાદક

# वैदिक संस्थान ओढव

आर्य वीर दल द्वारा ०८/१२/२०१९को भव्य विशेष कबड्डी स्पर्धा रखी गई थी। इस स्पर्धा में दो ग्रुप थे। (१) अण्डर - १४ और (२) अण्डर १७, दोनों ही ग्रुप में ७ - ७ टीमने भाग लिया था। ये कार्यक्रम ओढव विस्तार के सभी स्कूलों के विद्यार्थियों के लिए था।

स्पर्धा का आरम्भ ओम् ध्वज लहराकर राजेशभाई के हस्त हुआ तथा खिलाडी का उत्साह बढाते हुए वैदिक संस्थान के कार्यकर्ता और अधिकारिगणने सभी को नियम का पालन करते हुए खेलने का संदेश देकर खेल आरम्भ करवाया। इस कार्यक्रम में ५०० व्यक्ति उपस्थित थे। सभी को नास्ता की व्यवस्था वैदिक संस्थान ने की थी। खेल प्रातः ८ बजे से १२ बजे तक रहे थे। बहुत ही जोश के साथ सभी खिलाडियों ने नियम में रहकर खेला था।

अन्त में वैदिक संस्थान ओढव ने सभी विजेता खेलाडियों का सन्मान करते हुए हमारी प्राचीन संस्कृति, कला कौशलता को बरकरार रखने के लिए आह्वान किया और आशीर्वाद प्रदान किया।

प्रथम, द्वितीय और तृतीय स्थान प्राप्त करने वाले दानों ही ग्रुप को शिल्ड द्वारा सन्मानित किया तथा खेल में मुख्य भूमिका रखने वाले निष्पक्ष तीनों रेफरी का भी विशेष सन्मान किया और शान्ति पाठ के साथ समापन किया गया।

—

વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે.
વેદનું ભણવું-ભણાવવું સાંભળવું-સંભળાવવું
દરેક આર્યનો પરમ ધર્મ છે.

# ઘનઘોર જંગલમાં...

પ્રવક્તા : મહાત્મા આનંદ સ્વામી
અનુવાદક : દયાલ આર્ય

## પ્રથમ દિવસ

ગતાંકથી આગળ ....

ओ३म् त्वं हिन: पिता वसो त्वं माता शतक्रतो बभूविथ अधाते सुम्नमीमहे।

અસુરો બોલ્યા, "વિદ્યામાં જ્ઞાનમાં, વિજ્ઞાનમાં, શક્તિમાં - દરેક વાતમાં અમે દેવતાઓથી આગળ છીએ. આમ હોવા છતાં પણ જ્યાં પણ અમને બન્નેને બોલાવવામાં આવે છે, ત્યાં પહેલાં દેવતાઓને ભોજન મળે છે અને અમને પછી. આ અન્યાય સહન કરવા જેવો નથી. તમે દેવતાઓની સાથે અમારો કોઈ પણ વિષય પર, કોઈ પણ વાત પર શાસ્ત્રાર્થ કરાવો. જો અમે જીતી જઈએ તો એ અન્યાયનો અંત આણજો. નહીંતર અમે આ અન્યાય ચલાવવા તૈયાર નથી."

ગૃહસ્થે કહ્યું, "તમે ક્રોધ ન કરો, પહેલા તમે જ ભોજન કરો, દેવતાઓ પાછળથી ભોજન કરશે પરંતુ એક શરત તમારે માનવી પડશે."

અસુરોએ પૂછ્યું, "શરત શું છે?"

ગૃહસ્થે કહ્યું, "શરત એ છે કે તમારા હાથની સાથે લગભગ ત્રણ ત્રણ ફૂટની લાકડીઓ બાંધવામાં આવશે - એક લાકડી જમણા હાથની સાથે અને બીજી ડાબા હાથની સાથે. એવી રીતે તમારે ભોજન કરવું પડશે."

અસુરોએ કહ્યું, "શરત મંજુર છે. અમે એવી રીતે જમશું." લાકડીઓ બાંધવામાં આવી. અસુરોની પંગત બેસી ગઈ. સામે પાતળ રાખવામાં આવ્યા. તેમાં ભોજન પીરસવામાં આવ્યું, પૂરી, કચોરી, હલવો, દૂધપાક, રસગુલ્લાં, ગુલાબજાંબુ, કોબી, બટાટાં, ટમેટાં બધું જ રાખવામાં આવ્યું.

ગૃહસ્થે કહ્યું, "અસુર વિદ્વાનો! ભોજન શરૂ કરો."

અસુરોએ ખાવા માટે હાથ લંબાવ્યા. હાથોમાં લાકડીઓ બાંધી હતી. તેઓએ પૂરી ઉપાડી કે મોઢામાં નાખીએ. પરંતુ તે મોઢામાં પહોંચવાને બદલે માથાની પાછળ જઈ પડી. આવી રીતે દરેક ચીજની ખરાબ હાલત થઈ. અર્ધા કલાક સુધી અસુર લોકો મહેનત કરતા રહ્યા પરંતુ એક પણ કોળિયો મોઢામાં ગયો નહી.

અર્ધા કલાક પછી ગૃહસ્થે કહ્યું, "હવે ઊઠો અસુરો! તમારો સમય પૂરો થઈ ગયો. હવે દેવતાઓ ભોજન કરશે." અસુરા બિચારા ભૂખ્યા જ ઊઠી ગયા.

લોટની કોથળી જેવું મોઢું કરીને દૂર ખસી ગયા. સ્થાનને સાફ કરવામાં આવ્યું. નવી પ્લેટો મૂકવામાં આવી. તેની પાસે દેવતાઓને બેસાડવામાં આવ્યા. તેઓને હાથે પણ ત્રણ ત્રણ ફૂટની લાકડીઓ બાંધી દેવામાં આવી. તેઓની પાતળોમાં પણ ભોજન પીરસવામાં આવ્યું. તેઓને પણ કહેવામાં આવ્યું, "હવે ખાવ દેવતાઓ!"

દેવતાઓએ કહ્યું, "અમે જરૂર જમીશું પરંતુ એકબીજાની સામે બેસીને જમીશું. અમે અર્ધા આ પંગતમાં બેસીશું અને અર્ધા સામેની પંગતમાં બેસીશું માટે અમારી પાતળ અમારી સામે મૂકી દો."

ગૃહસ્થે તેમ કર્યું. દેવતાઓ એકબીજાની સામે બેસી ગયા. એક દેવતાએ પોતાના હાથથી સામે બેઠેલ દેવતાની પાતળમાંથી એક પૂરી ઉપાડી તેના મોઢામાં મૂકી દીધી. તે જ પ્રમાણે સામે બેઠેલ દેવતાએ પેલા દેવતાની આગળ રાખેલ પાતળમાંથી એક કચોરી ઉપાડી તેના મોઢામાં મૂકી દીધી. આવી રીતે બધા દેવતાઓએ એકબીજાને ભોજન જમાડી દીધું. બધી વસ્તુઓ સમાપ્ત કરી નાખી. બધાનાં પેટ ભરાઈ ગયા.

આ છે દેવતા અને અસુરોનો ફરક. અસુર ફક્ત પોતાનું પેટ ભરવાનું ઈચ્છે છે, પરંતુ ભરી શકતા નથી. દેવતાઓ બીજાને ખવડાવીને પ્રસન્ન થાય છે. બીજાને ખવડાવવાથી તેમનું પોતાનું પેટ પણ ભરાઇ જાય છે.

દેવતા અને અસુરોમાં આ તફાવત છે. બન્ને વિદ્વાન છે, શક્તિશાળી છે, શાસ્ત્રોને જાણનાર છે. પરંતુ બન્નેની વૃત્તિ જુદી જુદી છે. દેવતાઓ બીજાને સુખી કરવાનો પ્રયત્ન કરે છે. બીજાનાં પ્રાણોની રક્ષા માટે પોતાનાં પ્રાણોની આહુતિ આપી દે છે. જ્યારે અસુર પોતાનાં પ્રાણોની રક્ષા માટે બીજાનું ગળું વાઢીને તેનું કબાબ અને કૂરમ બનાવીને ખાઇ જાય છે. બન્નેમાં આ વૃત્તિનું અંતર છે. જો એ વૃત્તિ સુધરી જાય તો પછી દેવતા અને અસુરોમાં કોઈ ભેદ નથી.

પરંતુ આપણે તો પ્રજાપતિની વાત કરતા હતા. દેવતા, અસુર અને મનુષ્ય બધા માટે પ્રજાપતિએ એક જ ઉત્તરમાં ત્રણ વાત એટલા માટે કહી કે કોઈ પણ યુગમાં, કોઈ પણ દેશમાં જીવનની સફળતાનું રહસ્ય આ ત્રણ વાતોમાં છે – ઈન્દ્રિયોનું દમન, નિર્ધનોને દાન અને બીજા ઉપર દયા. દમન, દાન અને દયાનો માર્ગ જ દરેક દેશ અને દરેક કાળમાં જીવનની સફળતાનો માર્ગ છે. આ બીજા બ્રાહ્મણનો સંદેશ છે.

પરંતુ એ બ્રાહ્મણમાં પ્રજાપતિએ મનુષ્ય માટે જે દાનનો ઉપદેશ

આપ્યો તે શું છે? પ્રજાપતિએ કહ્યું, ''દાન આપવામાં જ મનુષ્યની માનવતા છે પરંતુ એ દાન શું છે? શું પૈસા અને રૂપિયા બીજાને આપવા એ જ દાન છે? હા, એક સીમા સુધી તો તે દાન જરૂર છે પરંતુ દાનનો અર્થ ફક્ત રૂપિયા અને પૈસાનું દાન નથી. સોનુ, ચાંદી, મકાન અને સંપત્તિનું દાન પણ દાન નથી. દાનનો બરાબર સાચો અર્થ છે – જે શક્તિ તમારી પાસે છે તેના વડે બીજાને મદદ કરવી. તેના દુઃખ, દર્દ, પતન, બીમારી, અજ્ઞાનતા, ગરીબી અને મુશ્કેલીના સમયમાં બચાવવાનો પ્રયત્ન કરવો. અમીરી ફકત રૂપિયા પૈસાની નથી. જો તમારી પાસે બાહુબળ છે, રાજ્યબળ છે, ચરિત્રબળ છે, સમાજબળ છે, જ્ઞાનબળ છે, વિજ્ઞાનબળ છે, યોગબળ છે, ધ્યાનબળ છે અને જો તમે બીજાઓને તેની જરૂર હોવા છતાં, તેને મુશ્કેલીમાં જોઈ તેને મદદ કરો તો તે પણ દાન જ છે.

દાનનો અર્થ એ છે કે જે કંઇ શકિત તમારી પાસે છે તે બીજાઓના ભલા માટે અર્પણ કરી દો. શક્તિ હોવા છતાં જે લોકો બીજાને માટે તેનો પ્રયોગ કરતા નથી. જ્ઞાની હોવા છતાં જે બીજાને જ્ઞાન નથી આપતા, બાહુબળ હોવા છતાં દુર્બળની જ રક્ષા નથી કરતા, રાજ્યબળ હોવા છતાં જ ન્યાય નથી કરતા, ધ્યાયનબળ હોવા છતાં જે બીજાઓને આધ્યાત્મિક માર્ગ તરફ ચાલવાની પ્રેરણા નથી આપતા, યોગબળ હોવા છતાં જે બીજાઓનાં દુઃખ દૂર નથી કરતા, તેઓ માનવ નથી તેઓ માનવતાના સર્વશ્રેષ્ઠ ગુણ–દાનને ભૂલી ગયા છે.

દાનના એ મહિમાને ઉપનિષદોએ ગાયો છે, વેદ ભગવાને ગાયો છે. મનુ મહારાજે પણ કહ્યું છે કે, કલિયુગમાં જ્યારે ધર્મનો ખૂબ જ નાશ થઈ જાય છે, જ્યારે લોકો માયાવાદ તરફ આંધળી દોટ મૂકે છે અને યોગમાર્ગને ભૂલીને આત્મા તથા પરમાત્માથી વિમુખ બની જાય છે, ત્યારે પણ એક વસ્તુ અવશ્ય કલ્યાણ કરી શકે છે. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે –

**दानमेकं कँलौ युगे ।।**

દાન જ એક એવી વસ્તુ છે, જે કલિયુગમાં મનુષ્યનું ભલું કરી શકે છે.

ચાલો! મહાભારત ઉપર પણ દૃષ્ટિ ફેરવીએ. યક્ષના પ્રશ્નનો ઉત્તર આપતા મહારાજ યુધિષ્ઠિરે પણ એ જ વાત કહી છે. યક્ષે પૂછ્યું, ''યુધિષ્ઠિર! બતાવો કે મરનારનો મિત્ર કોણ છે?''

અત્યારે કોઈ લોકોને એ સમજમાં નહીં આવે કે મરનારનો વળી મિત્ર કોણ હોય? જે મરી ગયો તે તો મરી ગયો. તેને માટે હવે મિત્ર શું અને દુશ્મન શું? પરંતુ એ વાત બરાબર નથી. જેને આપણે મરનાર, મરેલો કે મરી

ગયેલો કહીએ છીએ તે ખરેખર ક્યારેય મરતો નથી. આ શરીરને છોડીને જરૂર ચાલ્યો જાય છે, પરંતુ તે મરી જતો નથી. શરીર છોડયા પછી તે ક્યાં જાય છે એનો પત્તો તમોને દશમાં અને બારમા અધ્યાયમાં મળશે. તેમાં એ પણ લાગશે કે એવાં ક્યાં ચિહ્નો છે કે જેના પ્રગટ થવાથી એમ માનવું જોઇએ કે હવે મૃત્યુ નજીક આવી ગયું છે. હવે જવાની તૈયારી કરવી જોઈએ. આપણા પૂર્વજોએ આ બધી વાતોનો પત્તો શોધી કાઢયો છે. હવે પછી હું તમારી સમક્ષ એ બધી વાતો કરીશ.

આજના વૈજ્ઞાનિકોએ ઘણી વાતો શોધી છે, ઘણી જ શોધખોળો કરી છે. પરંતુ મૃત્યુના દ્વાર પાસે પહોંચીને તેઓ વિવશ બની ગયા છે. મૃત્યુ શું છે ? ત્યારબાદ શું થાય છે? તેના સંબંધમાં કોઈ પણ શોધ તેઓ કરી શક્યા નથી અને કરી શકે પણ કેવી રીતે? જે જાય છે પાછા આવવાનું નામ લેતા નથી. કોઈ પત્ર કે તાર પણ ત્યાંથી મોકલતા નથી, એકદમ જાણે નાટકનો અચાનક અંત થઈ ગયો હોય, પડદો પડી ગયો હોય એવી રીતે બધું જ સમાપ્ત થઈ જાય છે. જનાર તો ચાલ્યા જાય છે.

આઈ અજલ તો આપ અકેલે ચલે ગયે.<br>
સબ કુછ થા જમા ઘર મેં મગર કુછ ન લે ગયે.

ન કોઈ સોફા, ન ખુરશી, ન ટેબલ, ન કબાટ, બધું જ ત્યાંનું ત્યાં પડયું રહ્યું. જનારે એ પણ ક્યારેય ન જણાવ્યું કે તેને પોતાના નવા સ્થાન પર કઈ ચીજની જરૂર છે. કોઈએ ક્યારેય એ પણ ન કહેવરાવ્યું કે મને ફલાણી વસ્તુ મોકલો અને જે લોકો મોકલે છે તે કાળાબજારમાં ચાલી જાય છે. જનારની પાસે ક્યારેય પણ પહોંચતી નથી. ત્યારે જનારનો, મરનારનો મિત્ર કોણ છે? કોણ તેને સાથ આપે છે? કોણ તેને સુખ અને કલ્યાણ તરફ લઈ જાય છે. આ તે પ્રશ્ન છે જે યક્ષે પૂછયો હતો અને યુધિષ્ઠિરે જવાબ આપ્યો હતો કે -

**दानं मित्रममृशयः**

હે યક્ષ! દાન જ તે મિત્ર છે જે મરનાની સાથે જાય છે. આ છે દાનનો મહિમા. આવી જ રીતે દયાનો મહિમા પણ આપણાં શાસ્ત્રોએ ગાયો છે. તેને ધર્મનાં મૂળ સુદ્ધાં કહેલ છે. તુલસીદાસે કહ્યું છે -

દયા ધર્મ કા મૂલ હૈ પાપમૂલ અભિમાન.<br>
તુલસી દયા ન છોડિયે જબ લગ ઘટમેં પ્રાણ.

ક્રમશઃ ......

# :: બાળ વિભાગ ::

## રામપ્રસાદ બિસ્મિલનું જીવન ચરિત્ર

ગતાંકથી આગળ...

રામપ્રસાદ બિસ્મિલ જેલમાં રહીને પણ નિયમિત રૂપથી સંધ્યા, ઈશ્વરનું ધ્યાન અને હવન કરતા હતા.





જેલમાં પણ તેમના આ વ્યવહારથી જેલના કર્મચારીઓ પર એવો પ્રભાવ પડયો કે તેઓ રામપ્રસાદને ગુરુજી કહીને સંબોધતા.




જે હવનકુંડમાં રામપ્રસાદ બિસ્મિલ હવન કરતા હતા, તે આજે પણ આપણી ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો છે.




૯ ઓગસ્ટ, ૧૯૨૫ ના રોજ કાકોરી ટ્રેન લૂંટના આરોપમાં રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લા ખાં, રાજેન્દ્રનાથ લાહોડી અને ઠાકુર રોશનસિંહ ને ફાંસીની સજા આપવામાં આવી.
તમે લોકોએ કાકોરી કાંડ કર્યો છે અને તેના ભયંકર કાવતરાખોર પણ છો, એટલે તમને ફાંસી આપવામાં આવે છે.
રામપ્રસાદ બિસ્મિલે ફાંસીના ફંદાને ચૂમ્યા અને આ ગીત ગાતા-ગાતા ફાંસી પર ચડી ગયા.
ओउम्
सरफरोशी की तमन्ना अब
हमारे दिल में है
રામપ્રસાદ બિસ્મિલ - અશફાક ઉલ્લા ખાં - રાજેન્દ્રનાથ લાહોડી - ઠાકુર રોશનસિંહ
સામાન્ય રીતે ફાંસીની સજા મળવાથી વ્યકિતનું વજન ઘટી જાય છે.
પણ રામપ્રસાદ બિસ્મિલનું વજન વધી ગયું હતું.
मरते 'बिस्मिल', 'रोशन', 'लहरी', अशफाक अत्याचारों से।
होंगे पैदा सैकड़ो, इनकी रुधिर की धार से।।

ક્રમશઃ ...

आर्याभिविनय

BOOK-POST

सदसस्पतिमद्भुतंप्रि यमिन्द्रस्य काम्यम् ।
सनिं मधामयासिषम्हस्वा ॥ यजु. ३२.१३

વ્યાખ્યાન : હે સભાપતે! વિદ્યામય, ન્યાયકારી, સભાસદ, સભાપ્રિય! સભા જ અમારો ન્યાયકારી રાજા બને એવી ઈચ્છા અમે કરીએ. કોઈ એક મનુષ્યને અમે રાજા કદી ન બનાવીએ. પરંતુ આપને જ અમે સભાપતિ, સભાધ્યક્ષ, રાજા માનીએ. આપ અદ્ભુત આશ્ચર્યમ , વિચિત્ર, શક્તિના ભંડાર અને પ્રિયસ્વરૂપ જ છો. આપ જ જીવોના કમનીય છો. આપ જ જીવોના સમ્યક ભજન કરવા યોગ્ય તથા સેવનીય પણ છો. હે ભગવન્! હું મેધા અર્થાત વિદ્યા, સત્ય, ધર્માદિ ધારણવાળી બુદ્ધિની યાચના કરું છું. જે આપ કૃપા કરીને આપો એ જ મારી વાણી કહે છે કે એક ઈશ્વર સિવાય બીજો કોઈ પણ જીવોનો સેવનીય નથી. વેદમાં ઈશ્વરની એ જ આજ્ઞા છે. તેથી સર્વ મનુષ્યોએ માનવા યોગ્ય છે.

RNI Registration No. Guj/Guj/2015/63289
Posted at Rajkot - HO no 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2018-2020

प्रति, ____________________

પ્રેષક :
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ – ટંકારા,
પિન: ૩૬૩૬૫૦ , જિ. મોરબી.

Publisher and Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr, Raipur Darvaja, Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11,Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL